સુરત એરપોર્ટ પર પાર્કિંગ કોન્ટ્રાક્ટરની દંડાઈનો વિડીયો વાઇરલ

૮ મિનિટ પિકઅપ - ડ્રોપનો લાભ નહીં મળે એ માટે પાર્કિંગ કોન્ટ્રાક્ટર જ ટ્રાફિક જામ કરે છે!

કોન્ટ્રાક્ટરની દાદાગીરી, ડ્રોપ ઓફ ફ્રી છતાં લાઇન બંધ કરી દેવાઈ, પાર્કિંગ ચાર્જ વસૂલવા કોન્ટ્રાક્ટર ફોર લેનને બદલે 2 લેન ચલાવે છે

સુરત : સુરત એરપોર્ટ પર પાર્કિંગ કોન્ટ્રાક્ટરની દંડાઈનો વિડીયો વાઇરલ વાઇરલ થયો છે. નવી પાર્કિંગ પોલિસી મુજબ સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ ભારતનું 37માં ક્રમાંકનું સૌથી વ્યસ્ત એરપોર્ટ હોવા છતાં 10 મિનિટ પિક અપ એન્ડ ડ્રોપ સેવા ફ્રી રાખવાને બદલે માત્ર ૮ મિનિટ ફ્રી રાખવામાં આવી છે. પણ આ ફ્રી સેવાનો લાભ પેસેન્જરોને મુકવા લેવા આવતા વાહન માલિકોને ન મળે એ માટે પાર્કિંગ કોન્ટ્રાક્ટર પોતે જાણી જોઈને ટ્રાફિક જામ રાખવાનાં પેતરાં કરતો રહે છે. ટેન્ડરની શરતમાં પિક અપ અને ડ્રોપ ઓફ ફ્રી હોવા છતાં અધિકારીઓની મિલીભગતમાં ડ્રોપ ઓફ લેન બંધ કરી દેવામાં આવી છે. જ્યારે પિક અપ માટે ફોર લેન રાખવાને બદલે બે લાઇન ચાલુ રહેતી હોવાથી કોઈ પેસેન્જરને ૮ મિનિટ ફ્રીનો લાભ મળી રહ્યો નથી. સુરત એરપોર્ટનાં અધિકારીઓને ફરિયાદ છતાં કોન્ટ્રાક્ટર સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ઇજારદારે ૮ મિનિટ પિક અપ ફ્રીનું એક બોર્ડ મારી રાખ્યું છે. પણ ઇજારદારનાં કર્મચારીઓને વાહન માલિકો પૂછે છે ત્યારે જ ૮ મિનિટ ફ્રીનો ધીમા અવાજે ઉત્તર આપે છે. ૮ મિનિટ પિક અપ - ડ્રોપનો લાભ નહીં મળે એ માટે પાર્કિંગ કોન્ટ્રાક્ટર ટ્રાફિક જામ કરે છે. અધિકારીઓ રોજ આ જોઈ રહ્યા હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યાં છે.

શું છે હકીકત...

હકીકત એ છે કે ટ્રાફિક તો થાય છે ને એક વ્યક્તિનું પેમેન્ટ લેવામાં જ 1 મિનિટનો સમય ઓછામાં ઓછો જતો રહે છે. છૂટા નાણાંની મગજ મારીનાં બનાવો પણ વધી રહ્યાં છે. થાકેલો પેસેન્જર સમય બગાડવા માંગતો નથી એ વધુ રકમ ચૂકવી બહાર નીકળી જાય છે. એક ફ્લાઇટના લેન્ડિંગ થયા બાદ ઓછામાં ઓછી 40 કાર હોય તો ટ્રાફિક થાય તે સંભવ છે તેનો ઉકેલ કઈ રીતે લાવવો એ એરપોર્ટ ઓથોરિટીની જવાબદારી છે. એરપોર્ટ બહાર નીકળવા માટે 4 લાઇન કરવી જોઈએ અને જે બેરિગેટ્સ લગાવેલા છે તે પણ હટાવવા જોઈએ જેથી ટ્રાફિક જામ થાય નહીં. કેટલાક બેરીગેટ્સ તો નડતરરૂપ મૂકવામાં આવ્યા છે. જેથી ફ્રી પિક અપ સેવાનો લાભ કોઈને ન મળી શકે. ટ્રાફિક હોય તો કોન્ટ્રાક્ટર પિક એન્ડ ડ્રોપનો લાભ મળી શકે, પણ કોઈ પેસેન્જર અધિકારીઓ સુધી ફરિયાદ કરવા એ જ સમયે પહોંચતો નથી એનો ઇજારદારનાં માણસો લાભ ઉઠાવે છે. એ ઉપરાંત પાર્કિંગ ચાર્જ વસૂલતા કર્મચારીઓનું વર્તન પેસેન્જર સાથે સારું નથી. આ કર્મચારીઓના બિહેવિયરની તપાસ થવી જોઈએ.

સુરતીઓને હવે હાશકારો થશે, મેટ્રો ટ્રેકની નીચેથી બેરિકેડ હટાવવાનું શરૂ

■ સુરતમાં મેટ્રો રેલ માટેની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તેમાં અલથાણ, ખોડિયારનગરથી શરૂ કરીને ભટાર ટેનામેન્ટ સુધીના મેટ્રો ટ્રેક માટેના પિલર તૈયાર થઈ જતાં નીચેના બેરિકેડ દૂર કરી દેવામાં આવ્યાં હતાં. હવે સુરતવાસીઓને ધીરેધીરે મેટ્રોના બેરિકેડમાંથી છૂટકારો મળશે અને હાશકારો થશે. (તસવીરઃ હેમંત ડેરે)

રૂપાલા વિવાદઃ પીએમ ગુજરાતમાં આવે તે પહેલા સમાધાનની સંભાવના

ગુજરાત ભાજપના આગેવાનો સતત ચર્ચાઓ દ્વારા ઉકેલ લાવવા મથામણ કરી રહ્યા છે

ગાંધીનગરઃ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના રજવાડા વિશેના નિવેદનના મામલે રાજયમાં ચાલી રહેલા ક્ષત્રિય આંદોલના સંદર્ભે હવે સમાધાનની શકયતા તેજ બની છે. સમગ્ર સમાધાનની કવાયત સાથે નજીકથી સંકળાયેલા ભાજપના ટોચના સૂત્રોએ કહયું હતું કે સૌરાષ્ટ્રમાં ક્ષત્રિય સમાજ જેમના પ્રત્યે સૌથી વધુ આસ્થા ધરાવે છે, તેવા ધર્મગુરૂની ઉપસ્થિતિમાં જ ખુદ રૂપાલા, પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર, ભાજપના ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, પ્રદેશ ભાજપના સંગઠનના સિનિયર અગ્રણીઓ, સૌરાષ્ટ્રના રાજવી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં આ સમાધાન થાય તેવી ફોર્મ્યુલા આકાર પામી રહી છે. ટોચના સૂત્રોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પીએમ મોદી ગુજરાતની મુલાકાતે આવે તે પહેલા સમાધાન થઈ જાય તેવી સંભાવના છે.

ગૃહ રાજય પ્રધાન હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા 14 લોકસભા બેઠકો પર ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો તથા ક્ષત્રિય સમાજના અગ્રણી કાર્યકરો સાથે મહત્વની બેઠક યોજીને જુદા જુદા 10 મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા પણ કરી લીધી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ અને આણંદ સહિતની લોકસભા બેઠકોના મુખ્ય શહેરોમા આ બેઠકો યોજાઈ હતી. જેમાં મૂળ તો ક્ષત્રિય આંદોલનને શાંત કરવાના પ્રયાસ કરાયા હતા.

રૂપાલાએ દેશી રજવાડા વિશે કરેલી ટિપ્પણીના પગલે સૌરાષ્ટ્ર સહિત રાજયના વિવિધ ભાગોમા ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળી છે. જેના પગલે ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ કરી હતી. જો કે ભાજપના હાઈકમાન્ડ દ્વારા રૂપાલાના ટિકિટ રદ કરવામાં આવી નથી. જો કે રૂપાલાએ પણ સતત ત્રણ વખત બે હાથ જોડીને ક્ષત્રિય સમાજની માફી માંગીને મોટુ મન રાખીને માફ કરવા અપીલ કરી હતી. અલબત્ત, ક્ષત્રિય સમાજ દ્વારા પાટીદાર આંદોલનની પેટર્ન પર આંદોલન ચાલુ રાખ્યુ છે એટલું જ નહીં, હવે રૂપાલાની સાથે ભાજપનો પણ વિરોધ કરાશે, તેવું એલાન કર્યુ છે. ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથ ફેરવવામાં આવી રહ્યો છે.

મક્કાઈપુલ પાસે યુવકની હત્યા કરનાર આરોપી પકડાયો

મૃતક આરોપીની બાળકીને રમાડતો હતો ત્યારે છેડતી કર્યાની શંકા રાખી હત્યા કરી

આરોપી સામે વર્ષ 2013માં પણ હત્યાનો ગુનો નોંધાયો હતો તેમાં નિર્દોષ છૂટકારો થયો હતો

સુરતઃ નવસારીથી સુરત પોતાના બાળકોને મળવા આવેલા યુવકની ગઈકાલે મક્કાઈપુલ પાસે હત્યા થઈ હતી. હત્યા કરનાર આરોપીની બાળકીને મૃતક રમાડતો હતો ત્યારે તેની બાળકીની છેડતી કરી હોવાની શંકા રાખીને ઝઘડો થયો હતો અને તેમાં લાકડાના ફટકા મારી હત્યા કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

અઠવા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નવસારી જલાલપોર ખાતે રહેતા 28 વર્ષીય રવિદાન જબરદાન બાટીની બુધવારે રાત્રે મકાઈપુલ ખાતે આવેલી દોટીવાલા બેકરી પાસે અજાણ્યાએ હત્યા કરી હતી. પોલીસે આ અંગે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન રમેશ ઉર્ફે કાલુ છગન ચૌધરી (ઉં.વ.44, રહે., ફુટપાથ ઉપર) એ હત્યા કર્યાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. હત્યા કરવા બાબતે તેની પુછપરછ કરતા રવિદાન ત્યાં ફુટપાથ ઉપર જ રહેતો હતો અને તેની 3 વર્ષની બાળકીને ખોળામાં બેસાડીને જમાડતો હતો.

ત્યારે રમેશને તેની બાળકીની છેડતી કરી રહ્યાની શંકા જતા તેણે રવિ સાથે ઝઘડો કર્યો હતો. બંને વચ્ચે ગાળાગાળી થતા રમેશે લાકડાના ફટકા વડે તેની ઉપર હુમલો કરતા તેનું મોત થયું હતું. વધુમાં આરોપી રમેશની સામે વર્ષ 2013માં પણ હત્યાનો ગુનો નોંધાયો હતો. શંખેશ્વર કોમ્પલેક્ષ પાસે એક હત્યા થઈ હતી. જોકે આ ગુનામાં આરોપી નિર્દોષ છુટ્યો હતો.

ટુ વ્હીલર વાહનની નવી સિરીઝ GJ 05 TBના પસંદગીના નંબરોનું ઈ-ઓક્શન કરાશે

નવાં વાહન ખરીદનાર 2થી 4 મે-2024 સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે

સુરતઃ સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા મોટર સાયકલ સહિતના ટુ વ્હીલર વાહનની નવી સિરીઝ GJ 05 TB નાં પસંદગીના ગોલ્ડન અને સિલ્વર કેટેગરીના નંબરોનું ઈ-ઓક્શન કરવામાં આવશે. આ ઈ-હરાજી માટે રજિસ્ટ્રેશન તા. ૦૨ થી ૦૪ મે-૨૦૨૪ સુધી અને હરાજી તા.૦૪ થી ૦૬ મે-૨૦૨૪ દરમિયાન કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/ parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો ૬૦ દિવસે રેન્ડમ પદ્ધતિથી ફાળવી દેવાશે.

વેસુમાં સિક્યુરિટી ગાર્ડને છાતીમાં દુખાવો થયા બાદ મોત નીપજ્યું

સુરતઃ વેસુમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા યુવકને છાતીમાં દુખાવો થયા બાદ તે સુઈ ગયો હતો. સવારે તેના પરિવારજનોએ તેને ઉઠાડ્યો ત્યારે તે ઉઠ્યો જ ન હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર વેસુ વિસ્તારમાં સંગીની બિલ્ડિંગમાં રહેતા પ્રીતમ નાનયા ભટ્ટ (ઉ.વ.૪૫) ત્યાં જ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. તેના પરિવારમાં પત્ની,પુત્ર અને એક પુત્રી છે. ગુરૂવારે સાંજે તેને છાતીમાં દુખાવો થતા તે સૂઈ ગયો હતો. સવારે તેની પત્નીએ તેને ઉઠાડતા તે ઊઠયો ન હતો. જેથી પરિવારજનો તેવી સ્થિતિમાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. વેસુ પોલીસે અકસ્માત મોતનો બનાવ નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

મોટા વરાછામાં પાઈપ પર ચડીને તસ્કરોએ આઈટીની છ ઓફિસને નિશાન બનાવી

સ્લાઇડિંગ વિન્ડો ખોલીને છ ઓફિસમાંથી કુલ રૂપિયા 1.56 લાખની મતા ચોરી ગયા

સુરતઃ મોટા વરાછા ખાતે શ્રીનાથજી આઈકોન બિલ્ડિંગમાં આવેલી છ આઈટી ઓફિસના તાળા તોડી તસ્કરોએ રોકડા, મોબાઈલ અને લેપટોપ મળી કુલ રૂપિયા 1.56 લાખની ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, તસ્કરો બિલ્ડિંગની પાછળ આવેલી પાઈપ ચડીને ચોરી કરવા આવ્યા હતાં.

ઉત્રાણ પોલીસના જણાવ્યા મુજબ મોટા વરાછા સ્થિત ઉત્રાણ પાવર હાઉસ સામે પ્લેટીનિયમ હાઈટ્સમાં રહેતા 32 વર્ષીય ઉમેશ ધરમસીભાઈ અણઘણ મોટા વરાછામાં જ શ્રીનાથજી આઈકોન બિલ્ડિંગમાં બિટેક સ્માર્ટ સોફ્ટવેર સોલ્યુશન નામની દુકાનમાં સોફ્ટવેર એન્જિનિયરનું કામ કરે છે. ગઇ તારીખ 24મીએ રાત્રે દુકાન બંધ કરી ઘરે ગયા હતા. રાત્રિના સુમારે તસ્કરો બિલ્ડિંગના પાછળના ભાગે પાઈપ ઉપરથી ચડી સ્લાઈડરની બારી ખોલી અંદર આવ્યા હતા. તસ્કરોએ ઉમેશભાઈની ઓફિસ ઉપરાંત આજુબાજુમાં આવેલી અમીત મુકેશ ઘાણીઘારીયા, નિરવ વિનુભાઈ ગલાણીની, રવિ વિઠ્ઠલ ગોંડલિયા, હાર્દિક સોરઠીયાની તેમજ પુષ્પક શીવ ડોબરીયાની આઈટી ઓફિસને પણ નિશાન બનાવી હતી. છ આઈટીની ઓફિસમાંથી તસ્કરો મોબાઈલ, લેપટોપ, તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા 1.56 લાખના માતાની ચોરી કરી નાસી ગયા હતા. ઉત્રાણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એક વિદ્યાર્થીએ તો હાલમાં જ ધો.12 સાયન્સની પરીક્ષા આપી છે

હદ થઈ ગઈ! સ્પામાંથી શરીર સુખ માણવા આવેલા બે વિદ્યાર્થી ઝડપાયા

વરાછા, માતાવાડીમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાનામાંથી પોલીસે મહિલા સ્પા સંચાલક અને મેનેજરની ધરપકડ કરી

સ્પાનું દૂષણ યુવા પેઢી માટે ખતરાની ઘંટી

વરાછા પોલીસે સ્પાની આડમાં ચાલતા કુટણખાનામાં બે ગ્રાહકોની ધરપકડ કરી છે. જેમાં ગ્રાહક ઉત્સવ ભરતભાઈ સોનાણી (ઉ.વ.૧૮, રહે. ભક્તિ નંદન સોસાયટી, મોટા વરાછા તથા મૂળ ભાવનગર) તથા એક 17 વર્ષના કીશોરની ધરપકડ કરી છે. પકડાયેલા બંને ગ્રાહકો વિદ્યાર્થીઓ છે. ઉત્સવ બીબીએ માં અભ્યાસ કરે છે. જ્યારે 17 વર્ષના કીશોરે હાલમાં જ ધોરણ 12 સાયન્સની પરીક્ષા આપી છે.

સુરતઃ વરાછા માતાવાડી રૂજ્જવલ ચેમ્બર્સમાં સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધા ઉપર પોલીસે રેઈડ કરી હતી. જ્યાંથી મહિલા સંચાલક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. આ સિવાય ગ્રાહક તરીકે આવેલા ધોરણ 12 સાયન્સના વિદ્યાર્થી અને બીબીએના વિદ્યાર્થીને પકડવામાં આવ્યા છે.

મહિલા હેલ્પલાઈન તરફથી વરાછા પોલીસ સ્ટેશનને મેસેજ મળ્યો હતો કે, 'વરાછા માતાવાડી જૈન મંદીર પાસે રૂવલ ચેમ્બર્સમાં બીજા માળે કોલરના ઘરની સામે કાંઈક ખોટુ કામ થાય છે.' જેથી વરાછા પીઆઈએ.એન.ગાબાણીએ સેકન્ડ પીઆઈ ડી.કે.પટેલ તથા સર્વેલન્સ પીએસઆઈ પી.વી. સોંલકી સહિતના સ્ટાફને બોલાવી તપાસ કરી રેઈડ કરવા સૂચના આપતા પોલીસે રૂજ્જવલ ચેમ્બર્સમાં બીજા માળે રેઈડ કરી હતી. જ્યાં નસરીન રામચંન્દ્ર સ્વાઈ નામની મહિલા સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનું સંચાલન કરતી મળી આવી હતી. મહિલા મકાન ભાડેથી રાખી મેનેજર સુંધાશુ પપ્પુસિંગ રાજપુત સાથે મળી મકાનમાં આવનાર ગ્રાહકોને શરીરસુખ માણવા માટે સવલતો પૂરી પાડતી હતી. અને દેહવેપારનો ધંધો કરાવી કમિશન લેતી હતી. પોલીસે સંચાલક મહિલા નસરીન રામચંન્દ્ર સ્વાઈ (ઉ.વ.૨૪, રહે- રૂઝલ ચેમ્બર્સ રઘુવીર પાર્સલ સર્વિસની ઉપર બીજા માળે જૈન દેરાસરની સામે એલ.એચ.રોડ વરાછા તથા મૂળ કોલકાતા, પશ્ચિમ બંગાળ) અને મેનેજર સુંધાશુ પપ્પુસિંગ રાજપૂત (ઉ.વ.૨૬, રહે. રામ રાજ્ય સોસા., એલ.એચ રોડ વરાછા) ની ધરપકડ કરી હતી. આ સિવાય ગ્રાહક તરીકે આવેલા બે વિદ્યાર્થીની ધરપકડ કરી છે. પોલીસે સ્પામાંથી 16 કોન્ડોમ, રોકડા 48 હજાર, 50 હજારના 4 મોબાઈલ મળી કુલ 98 હજારનો મુદ્દામાલ કબજે લીધો છે.

સંક્ષિપ્ત સમાચાર

વરિયાવ બળિયાદેવના પૌરાણિક મંદિરે બાપજીની સાલગીરીની ભવ્ય ઉજવણી

સુરતઃ જહાંગીરપુરા નજીકના વરિયાવ સ્થિત બળિયાદેવ મંદિરે બાપજીની સાલગીરી ચૈત્રી પૂનમના રોજ ધામધૂમથી ઉજવાઈ હતી. બાવાજી હવન મંડળ દ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો હતો અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતાં. વરિયાવનું બળિયાદેવ મંદિર પૌરાણિક છે, જ્યાં બાપજીએ બાબેનના સ્વપ્નમાં આવી કૂવામાંથી મૂર્તિ કાઢી સ્થાપના કરવાનું કહ્યું હતું. બળિયાદેવ, બળિયા બાપજી, શીતળા માતા, ઊંટીયા તૂટીયા માતા તેમજ ખાટુ શ્યામ જેવા અનેક નામોથી અહીં બાપજીની પૂજા-અર્ચના થાય છે. મંદિરનું સત હોવાથી અહીં તમામ ધર્મોના લોકો માનતા રાખે છે.

રામ પાવન ભૂમિ પાલ ખાતે દીક્ષા પ્રસંગે નંદીપથ મહોત્સવ ઉજવાયો

સુરતઃ શુક્રવારે રામ પાવન ભૂમિપાલ ખાતે મુમુક્ષુ હર્ષભાઈ તથા સાક્ષીબેનના દીક્ષા મહોત્સવ અંતર્ગત સવારે નંદીપથ મહોત્સવ ઉજવાઈ ગયો હતો. આ પ્રસંગમાં ફૂલચંદ્ર સુરીશ્વરજી તથા બીજા અનેક મહારાજ સાહેબની પણ પધરામણી થઇ હતી. ત્યાર બાદ આ પ્રસંગમાં ફૂલચંદ્રસુરિશ્વરજીના સંયમ જીવનના 57મા વર્ષની પૂર્ણાહુતિ બાદ 58મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે વિવિધ ભગવંતોએ મુનિના ગુણવાદ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂજ્ય મુનિ 93 વર્ષની જૈફ વયે એક સશક્ત યુવાનને પણ શરમાવે તેવી તાજગી અને પ્રશન્નતા સાથે જૈન શાસનના શિરમોર ગણાતા એવા આગમ ગ્રંથના 90,000 શ્લોક પ્રમાણ નૂતન ટીકાની રચના કરી રહ્યા છે. જે સાધુઓની પેઢીને ખૂબ જ ઉપયોગી થશે.

બારડોલી અને નવસારી લોકસભા બેઠકની ચૂંટણી 7 મેના રોજ યોજાશે

સુરત જિલ્લાના ૯ વિધાનસભા મતવિસ્તારોના ૧૪,૯૬૭ દિવ્યાંગ મતદારો મતદાન કરશે

સુરત જિલ્લામાં કામરેજ વિધાનસભામાં સૌથી વધુ ૨,૦૭૦ પુરુષ દિવ્યાંગ મતદાર અને ૧,૫૬૨ મહિલા દિવ્યાંગ મતદારો

સુરતઃ બારડોલી અને નવસારી લોકસભા બેઠકની ચૂંટણી 7 મેના રોજ યોજાશે. કોઈ પણ મતદાર મતદાનથી વંચિત ન રહી જાય એની તકેદારી રાખવામાં માટે જિલ્લા ચૂંટણી અધિકારી ડો.સૌરભ પારધીના નેતૃત્વમાં ચૂંટણી તંત્ર કાર્યરત છે. સુરત-૨૪ લોકસભા સંસદીય બેઠક બિનહરીફ થઈ છે, ત્યારે સુરત-૨૪ બેઠકમાં આવતી ૭ વિધાનસભા મતવિસ્તારો સિવાય ૧૫૬-માંગરોળ, ૧૫૭-માંડવી, ૧૫૮-કામરેજ, ૧૬૩-લિંબાયત, ૧૬૪-ઉધના, ૧૬૫-મજુરા, ૧૬૮-ચોર્યાસી, ૧૬૯-બારડોલી અને ૧૭૦-મહુવામાં તારીખ ૭મી મે ના રોજ ચૂંટણી યોજાશે.

દિવ્યાંગોમાં સૌથી વધુ કામરેજ વિધાનસભામાં ૨,૦૭૦ પુરૂષ દિવ્યાંગ મતદાર અને ૧,૫૬૨ મહિલા જ્યારે મજુરામાં સૌથી ઓછા ૬૮૩ દિવ્યાંગ મતદારોનો સમાવેશ થાય છે. અહીં ઉલ્લેખનીય છે કે, માત્ર ૭ વિધાનસભા મતવિસ્તારો (૧) ૧૫૫-ઓલપાડ (૨) ૧૫૯-સુરત પૂર્વ (૩) ૧૬૦-સુરત ઉત્તર (૪) ૧૬૧-વરાછા રોડ (૫) ૧૬૨-કરંજ (૬) ૧૬૬-કતારગામ (૭) ૧૬૭-સુરત પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારોમાં તા.૦૭ મેના રોજ ચૂંટણી યોજાવાની નથી. તે સિવાયના શહેરમાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારો (૧) ૧૬૩-લિંબાયત (૨) ૧૬૪-ઉધના (૩) ૧૬૫-મજુરા (૪) ૧૬૮-ચોર્યાસીનો ૨૫-નવસારી સંસદીય મતવિસ્તારમાં સમાવેશ થતો હોવાથી આ વિધાનસભાઓના તમામ મતદાન મથકોમાં સવારે ૦૭.૦૦થી સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે. તેવી જ રીતે ૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારોમાં સમાવિષ્ટ (૧) ૧૫૬-માંગરોળ (૨) ૧૫૭-માંડવી (૩) ૧૫૮-કામરેજ (૪) ૧૬૯-બારડોલી અને (૫) ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારોના દરેક મતદાન મથકોમાં તેમજ આ પ્રમાણે ૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારોમાં સમાવિષ્ટ (૧) ૧૫૬-માંગરોળ (૨) ૧૫૭-માંડવી (૩) ૧૫૮-કામરેજ (૪) ૧૬૯- બારડોલી અને (૫) ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન યોજાનાર છે. આમ સુરત શહેરમાં સમાવિષ્ટ ૭ વિધાનસભામાં મતવિસ્તારો સિવાય તમામ વિસ્તારોમાં ચૂંટણી યોજાનાર છે. જેથી આ ૦૭ વિધાનસભા મતવિસ્તારો સિવાયના મતદારોએ તા.૦૭મી એ પોતાના મતદાન મથકોએ જઈ મતદાન કરવા અનુરોધ કર્યો છે.

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
સેન્ટ્રલ બૈંક ऑफ इंडिया

રીજીયોનલ ઓફિસ : પહેલો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન : ૦૨૬૧ - ૨૪૫૮૪૧, ૨૪૬૫૮૪૨

ઈ-હરાજી થી વેચાણ નોટીસ
(સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ)
પરિશિષ્ટ - ૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

તા. ૧૫.૦૫.૨૦૨૪ ના રોજ
સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો - ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં ઠેઠળ સ્થાવર મિલકતોનું ઈ - હરાજીથી વેચાણની નોટીસ નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે કે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ) ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર પ્રત્યક્ષ કબજો લેવામાં આવે છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસુલાત માટે તા. ૧૫.૦૫.૨૦૨૪ ના રોજ "જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "ત્યાં જે છે ત્યાં" ધોરણે અને ઓનલાઈન વેબપાર્ટલ હેઠળ : https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિકયોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહીતી મેળવી શકશો.

નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

ક્રમ નં.	કરજદાર/જામીનદાર/ અને શાખાનું નામ	ડીમાન્ડ નોટીસ ની રકમ અને તારીખ	સ્થાવર મિલકતોનું વિગતો	તારીખ અને પઝેશનનો પ્રકાર	અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા.	અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર
૧.	શાંતારામ શેનપડુ મહાજન (ઉધારકર્તા) અને યોગેશ મધુકર શેવાલે (જામીનદાર) (સગરામપુરા શાખા)	રૂા. ૧૦,૦૮,૩૦૪/- તા. ૨૬.૦૪.૨૦૨૧ થી થડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો પ્લોટ નં. ૫૫, ક્ષેત્રફળ ૪૬.૬૬ સ્કે. યાર્ડ., કે.જે.પી. મુજબનો બ્લોક નં. ૩/૫૫, ક્ષેત્રફળ ૩૯.૦૧ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેના રોડ અને સીઓપીનું ક્ષેત્રફળ ૨૫.૬૮ સ્કે.મી., "આરાધના લેક ટાઉન વિભાગ - ૨", જે સ્થિત જમીનનો બ્લોક નં. ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૯ અને ૩૬૨, સંયુકત નવો બ્લોક નં. ૩, ક્ષેત્રફળ ૫૩૯૮૮ સ્કે.મી., ગામ - જોળવા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. મોર્ગેજ ડીડ નં. ૭૨૨૧, તા. ૩૦.૦૬.૨૦૧૫. ચતુઃસીમા :- પૂર્વે : પ્લોટ નં. ૭૪, પશ્ચિમે : સોસાયટીનો આંતરીક રોડ, ઉત્તરે : પ્લોટ નં. ૫૬, દક્ષિણે : પ્લોટ નં. ૫૪.	૦૯.૦૯.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો	રૂા. ૭,૦૦,૦૦૦/- ---------- રૂા. ૭૦,૦૦૦/- ---------- રૂા. ૧૦,૦૦૦/-	શ્રી અખિલેશ અગ્રવાલ ચીફ મેનેજર, સગરામપુરા શાખા (મો) : ૭૫૬૭૮૮૩૮૮૦
૨.	શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ રાજાણી (સરથાણા શાખા)	રૂા. ૧૩,૫૩,૬૩૭/- તા. ૦૧.૦૬.૨૦૨૧ થી થડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	રહેણાંક ગાલા પ્રકાર મિલકત મોજે - ઉમરા, બ્લોક નં. ૧૬૨, મારૂતિધામ સોસાયટી, પ્લોટ નં. ૧૧૦, મોમાઈ રેસીડેન્સી ની બાજુમાં, ધર્મભકિત બંગ્લોઝની સામે, ઉમરા ગામ રોડ, ઉમરા - ૩૯૪૧૩૦, તાલુકો - ઓલપાડ, જીલ્લો - સુરત.	૨૭.૦૩.૨૦૨૩ પ્રત્યક્ષ કબજો	રૂા. ૮,૫૫,૦૦૦/- ---------- રૂા. ૮૫,૫૦૦/- ---------- રૂા. ૧૦,૦૦૦/-	શ્રી ગુંજન ગઢાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) : ૮૨૩૯૪૫૨૫૪૮

નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૦૯.૦૫.૨૦૨૪, બપોરે ૧૨.૦૦ થી 3.૦૦ કલાકે
ઈ - હરાજીની તારીખ અને સમય : તા. ૧૫.૦૫.૨૦૨૪, બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એકટેન્શન સાથે)

- મિલકત પરના ક